મોડાસાના વાદીયોલ સહિત ૧૫ જેટલા ગામો વર્ષોથી મેશ્વો ડેમ ઓવરફ્લો થતા સંપર્ક વિહોણા બને છે

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર કોઈ પણ પક્ષની હોઈ આદિવાસીઓના વિકાસ પાછળ

કરોડો રૂપિયાની યોજના બનાવી માત્ર કાગળ ઉપર વિકાસના ઘોડા દોડાવી રહ્યા હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. અંબાજી થઈ લઈ ઉમરગામની પૂર્વ પટ્ટીમાં આદિવાસીઓનું પ્રભુત્વ છે ત્યારે દરેક રાજકીય પાર્ટીઓ વિધાનસભા હોય કે લોકસભાની ચૂંટણીઓ હોય આદિવાસીઓના વિકાસની ગાથાના ગ્રંથો બહાર પાડી દેવામાં માહિર હોઈ છે. ભિલોડા તાલુકાના ગોધરા-શામળાજી હાઈવે તેમજ અમદાવાદ -ઉદેપુર હાઈવેની બંને સાઈડોની વચ્ચે સેન્ડવીચની જેમ આશરે પંદરથી વધુ ગામડાઓની જનતાને એક ગામથી બીજા ગામ જવાના સંપર્કો તૂટી ગયા, મેશ્વો નદી અગિયાર વર્ષે ઓવરફ્લો થતા ત્રણ માસ સુધી દૂધ ડેરી -શિક્ષણ પ્રાથમિક સુવિધાઓ જેવી કે આરોગ્ય - ગ્રામ પંચાયતમાં જવા માટે નેશનલ હાઈવેથી દસ કિલોમીટર દૂર નદી પર પુલ કે કોઝવે નહીં હોવાથી ફરીને જવાનો વારો આવ્યો છે ત્યારે એક પણ પાર્ટીના નેતાઓ આ ગ્રામીણજનોની મુલાકાત કે હાલ હવાલ પૂછવા નથી. સરકારના કોઈ અધિકારી પણ ફરકયા નાથી માત્ર એર કન્ડિશનર ઓફિસો અને ગાડીઓમાં ફરવા સિવાય કોઈને આવા અંતરીયાળ વિસ્તારોમાં જવાની દરકાર લેતા નથી. આઝાદીના ૭૦ વર્ષ જેટલો સમય થયો છતા ગામડાઓમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે. વોદિયોલ-સુરપુરને જોડતો પંદર ગામો દોતિયા-નાપડા -ખારી -વજાપુર-ખોદંબા-ખેરચા સહિતના અનેક ગામમાં સીધો અને ટૂંકો આ રસ્તો છે. હાલમાં આ વિસ્તારમાં વધુ વરસાદ વરસતા મેશ્વો ડેમ ઓવરફ્લો થતા નદીબે કાંઠે વહી રહી છે. ત્યારે સડક કે નાનો પુલ કે કોઝવેની માંગણી વાંરવાર કરવા છતાં નઘરોળ આળસુ અને ભ્રષ્ટ્રાચાર તંત્રના અધિકારીઓના બહેરા કાને ગ્રામીણજનોની માંગણી આ કાનથી બીજા કાને અથડાઈ અટવાઈ જતા આજે જનતા અને નાના માસુમ બાળકોના અભ્યાસ તેમજ જીવન જરૂરીયાતો પર ભારે અસર જોવા મળે છે જોવું રહ્યું કે નગરોળતંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી આળસ મરડી જાગે અને આ વિસ્તારની જનતાના વિકાસના કર્યો કરવા આગળ આવે. જો આ અંગે કોઈજ કાર્યવાહી હાથ ધરવામાં નહિ આવે તો ગામના મહિલા સરપંચ સોનલબેન ગામેતીએ એક મુલાકાતમાં જણાવ્યું છે કે અમારા પંચાયત વિસ્તારના લોકો સાથે ગાંધીચીંધે માર્ગ અહિંસક આંદોલન કરવાની ફરજ પડશે.

વનબધું કલ્યાણ યોજનાઓ જેટલી કેટલીય યોજનાઓ તેમજ આદિવાસી વિકાસની ટ્રાઈબલની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ક્યાં વિકાસ થઈ રહ્યો છે તે હજુ આ ભોળી જનતાને સમજાતું નથી. આદિવાસીઓના નામે અધિકારીઓ અને નેતાઓના મિલીભગત થકી કોઈ કામો થતા ના હોવાની બુમરાણ મચી છે.

અંબાજી મેળામાં ૨૩ લાખ કરતા પણ વધુ ભક્તોએ માના ચરણમાં શીશ નમાવી ધન્યતા અનુભવી

યાત્રાધામ અંબાજી નો મહામેળો આજે અંતિમ ચરણ પહોંચ્યો છે ત્યારે મેળા દરમ્યાન ૨૩ લાખ કરતા પણ વધુ ભક્તોએ

માના ચરણ માં શીશ નમાવી ધન્યતા અનુભવી છે.

યાત્રાધામ અંબાજી એ ૫૧ શક્તિપીઠ મનુ એક શક્તિપીઠ છે અને અહીં ભાદરવી પુનમ ના સાત દિવસ અગાઉ મહામેળો ભરાય છે જેમાં લાખો ભક્તો દૂર દૂર થી ચાલતા આવી માના ચરણ માં શીશ ઝુકાવી પોતાની મનોકામના પૂર્ણ કરે છે ત્યારે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ૧૯ તારીખે આ મહામેળો ને જિલ્લા કલેકટર દ્વારા ખુલ્લો મુકાયો હતો અને સાત દિવસ માં ૨૦ લાખ પણ વધુ ભક્તોએ મના ધામમાં ના ચાલતા આવી પોતાની મનોકામના પૂર્ણ કરી હતી ત્યારે સતત સાત દિવસ સુધી યાત્રાધામ અંબાજી માં ભક્તો નું ઘોડાપુર જોવા મળી રહ્યું હતું ત્યારે આજે આ મહામેળો અંતિમ ચરણ માં પહોચતા ભક્તો નો ઘસારો ઓછો થયો હતો..તો બીજી તરફ દૂર દૂર થી ચાલીને આવતા ભક્તો ને કોઈ તકલીફ ન પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દવરા પણ તમામ સુવિધાઓ પુરી પાડી હતી અને મેળો સુખરૂપ સંપન્ન થતા તંત્રએ પણ રાહત નો સવાસ લીધો હતોયાત્રાધામ અંબાજી માં લાખો ભક્તો ની સાથે સાથે હજારો સંઘ પણ ચાલતા માના ધામમાં આવે છે તો કેટલાક સંઘ તો માથે માનો ગરબો ઉપાડી ને આવે છે તો લોક વાયકા છે કે દૂર દૂર થી ચાલીને આવતા લોકો માથે ગરબો લઈ મા અંબા ના ધામમાં આવે છે અને નવરાત્રી માં માતાને પોતાના ગામ પધરાવવા માટે આમંત્રણ પણ આપતા હોય છે.

નામાંકિત કર્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દુનિયાની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના વડાપ્રધાન જન આરોગ્ય યોજના-આયુષ્માન ભારતની શરૂઆત કરવા માટે ડોક્ટર તમિલીસાઈ સુંદરરાજને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને નોબલ શાંતિ પુરસ્કાર ૨૦૧૯ માટે નોમીનેટ કર્યા છે.

રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડના રાંચીથી વડા પ્રધાન જનઆરોગ્ય યોજના-આયુષ્માન ભારત લોંચ કરી હતી. આ ભારત સરકારની મહત્ત્વાકાંક્ષી યોજના છે. જે હેઠળ ગરીબોનો સારો અને ફ્રીમાં ઈલાજ થશે.

પીએમ મોદીએ મંચ પરથી જણાવ્યું હતું કે તેમાં ૫૦ કરોડથી વધુ લોકોને કવર કરવા માટે આવશે અને ૧૦ કરોડ પરિવારોને પાંચ લાખ રૂપિયા સુધી ફ્રી હેલ્થ ઈન્સ્યોરન્સ આપવામાં આવશે.

અસ્તિત્વની લડાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે, ભારતના વડાપ્રધાન કોણ બનશે. મોદીએ ઉમેર્યું હતું કે જે પાર્ટી ૧૨૫ વર્ષ જુની પાર્ટી હોય, જે પાર્ટીના અમે ભૂતપૂર્વ રાજ્યપાલ હોય, જે પાર્ટીના અનેક વડાપ્રધાન બન્યા હોય તેમની હાલત કફોડી બની ગઈ છે. આ લોકો કોઈ જગ્યાએ બચ્યા નથી. આટલી પરાજય થઈ હોવા છતાં કોંગ્રેસ પાર્ટી સુધરવા માટે તૈયાર નથી. કોંગ્રેસ પાર્ટી પરાજયના ભાયથી હવે ગઠબંધન ઉપર આવી ગઈ છે. સત્તામાં નશામાં નાની પાર્ટીઓને કચડીનાંખનાર કોંગ્રેસ આજે નાના પક્ષોના પગમાં પડેલી છે. સવા સો વર્ષ જુની પાર્ટી હવે નાના પક્ષોના સર્ટિફિકેટ લેવા માટે ફરી રહી છે. તેમની હાલત કફોડી બનેલી છે. ક્યારે પણ ભલાઈની વાત નહીં કરનાર કોંગ્રેસ પાર્ટી જ્યારે સત્તામાં હતી ત્યારે ભાજપ શાસિત રાજ્યોને ભારે મુશ્કેલીમાં મુક્યા હતા. સમાજને તોડવાનું કામ કર્યું હતું. પરંતુ અમે વિકાસના મુદ્દા ઉપર આગળ વધી રહ્યા છે. સંગઠનમાં શક્તિ છે. ચૂંટણી જીતવા માટે અમારો મંત્ર બિલકુલ સ્પષ્ટ છે. ધનબળથી નહીં બલ્કે જનબળથી ચૂંટણી જીતવામાં આવશે. મેરા બુથ સબસે મજબૂતના નારા સાથે મોદીએ કાર્યકરોનો ઉત્સાહ વધારી દીધો હતો. મોદીએ ઉમેર્યું હતું કે, વોટબેંકની રાજનીતિના કારણે કોંગ્રેસને ક્યારે પણ મુસ્લિમ મહિલાઓની ચિંતા રહી નથી. કોંગ્રેસ પાર્ટી હિન્દુસ્તાનના ગઠબંધન કરવાના સફળ સાબિત થઈ રહી નથી ત્યારે દેશની બહાર ગઠબંધન કરવામાં આવી રહ્યા છે. સત્તા ગુમાવી દીધા બાદ પાર્ટીએ સંતુલન પણ ગુમાવી દીધું છે. કોંગ્રેસ પાર્ટી હવે દેશની ઉપર બોજ સમાન બની ગઈ છે. મોદી પાકિસ્તાનના મંત્રીઓના એવા ટ્વિટના સંદર્ભમાં વાત કરી રહ્યા હતા જેમાં રાફેલ ડિલમાં થયેલા કૌભાંડને લઈને રાહુલ ગાંધીના આરોપોને રજૂ કરવામાં આવી રહ્યા હતા. અમે સમાજના દરેક વર્ગ માટે કામ કરી રહ્યા છે.

પાકી ગયો છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલમાં લોકપ્રતિનિધિત્વ ધારા હેઠળ દાવેદાર ગુનેગારી કેસમાં અપરાધિ ઠેરવી દીધા બાદ જ ચૂંટણી લડવાથી ગેરલાયક જાહેર થાય છે. પાંચ જજની બેંચે એમ પણ કકહ્યું હતું કે, મતદારોને ઉમેદવારોના સંદર્ભમાં માહિતી મેળવવાનો અધિકાર છે. સુપ્રીમ કોર્ટમાં આ સંબંધમાં કોઈ પ્રતિબંધ કલંકિત નેતાઓ ઉપર મુક્યો નથી. આનો અર્થ એ થયો કે કલંકિત નેતાઓ હાલમાં ચૂંટણી લડી શકે છે. જો કે સુપ્રીમ કોર્ટે પોતાના મહત્વપૂર્ણ ચુકાદામાં કહ્યુ છે કે આવા કલંકિત નેતાઓને સંસદમાં પ્રવેશ કરવાથી રોકવા માટે સંસદ કાનુન બનાવે તે જરૂરી છે. એકબાજુ જોવામાં આવે તો આ ચર્ચાસ્પદ મામલામાં સુપ્રીમ કોર્ટે લોકશાહીમાં સંસદની કાયદા બનાવવાની સ્વતંત્રતાને જાળવી રાખવાની બાબતને સ્વીકારી લીધી છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ છે કે તે પોતાની હદને પાર કરીને કલંકિત નેતાઓને ચૂંટણી લડતા રોકવા માટે આદેશ આપી શકે નહી. જો કે સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે ઉમેદવાર પોતાના શપથપથમાં બોલ્ડ અક્ષરમાં પોતાના અપરાધિક ઈતિહાસને લખે તે જરૂરી છે. ચુકાદો આપતી વેળા ચીફ જસ્ટીસ દિપક મિશ્રાની બનેલી બેંચે કહ્યુ હતુ કે ભ્રષ્ટાચાર રાષ્ટ્રીય આર્થિક આતંક તરીકે છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે તમામ રાજકીય પક્ષોએ પોતાની વેબસાઈટ પર તમામ ઉમેદવારોના અપરાધિક ઈતિહાસની માહિતી આપવી પડશે. મતદારોને તેમના ઉમેદવાર અંગે પુરતી માહિતી રહે તે માટે આ નિર્ણય કરવામાં આવી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે આ મામલે નેતાઓના પ્રશ્ને સીધી રીતે દરમિયાનગીરી કરી નથી પરંતુ

ખુબ કઠોર વલણ અપનાવ્યુ છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યુ છે કે ઉમેદવારો અને રાજકીય પક્ષો ચૂંટણી પ્રચાર દરમિયાન આપવામાં આવતી જાહેરાતમાં ઉમેદવારની સામે રહેલા અપરાધિક મામલાની માહિતી તમામ સંબંધિત લોકોને આપે તે જરૂરી છે. પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક તમામ પ્રકારની જાહેરાતોમાં માહિતી આપવા માટે કહેવામાં આવ્યુ છે. સુનાવણી દરમિયાન એટર્ની જનરલ કેકે વેણુગોપાલે કેન્દ્ર સરકાર તરફથી રજૂ થયા બાદ કહ્યું હતું કે, કાયદા બનાવવાનું કામ સંસદના અધિકાર ક્ષેત્રમાં છે. સુપ્રીમ કોર્ટે આમા દરમિયાનગીરી કરવી જોઈએ નહીં. વેણુગોપાલે કહ્યું હતું કે, કોર્ટની ઈચ્છા પ્રસંશનીય છે પરંતુ પ્રશ્ન એ થાય છે કે કોર્ટ આ કામ કરી શકે છે કેમ. તેમની દ્રષ્ટિએ કોર્ટ આ કામ કરી શકે નહીં. વેણુગોપાલે રજૂઆત કરતા કહ્યું હતું કે, બંધારણ કહે છે કે, કોઈપણ વ્યક્તિ એ વખત સુધી નિર્દોષ છે જ્યાં સુધી તેને દોષિત જાહેર કરવામાં ન આવે. સુપ્રીમ કોર્ટે પ્રશ્ન કરતા કહ્યું હતું કે, ચૂંટણી પંચે એવી વ્યવસ્થા કરવી જોઈએ જે હેઠળ જે લોકો ક્રિમિનલ બેકગ્રાઉન્ડ ધરાવે છે તેમના સંદર્ભમાં વિગતો જાહેર થવી જોઈએ. વેણુગોપાલે અરજીનો વિરોધ કરતા કહ્યું હતું કે, જ્યાં સુધી સજામાં પહેલાથી જ ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકવાનો પ્રશ્ન છે. કોઈપણ વ્યક્તિ એ વખત સુધી નિર્દોષ છે જ્યાં સુધી કોર્ટ તેને સજા આપી ન દે. બંધારણની જોગવાઈ પણ આ મુજબની જ વાત કરે છે.

ફાર્માસીસ્ટના પડતર પ્રશ્નોની રજુઆત માટે ગયેલા ૧૫ સભ્યોની અટકાયત કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

ફાર્માસીસ્ટની સતત અવગણના રોકવા કમ્પાઉન્ડર શબ્દનું લેબલ હટાવવા પીપીઆર ૨૦૧૫નું પાલન કરાવવા અને એફડીસીએ દ્વારા આચરવામાં આવતા ભ્રષ્ટાચાર અને કાયદાનો ભંગ કરી ફાર્માસીસ્ટની ગેરહાજરીમાં દવાનું વેચાણ કરતા મેડીકલના વિરોધમાં આજે બપોરના સુમારે ગુજરાત જન જાગૃતિ મંચના સભ્યો આરોગ્ય કમિશનરને રજુઆત કરવા ગયેલા ૧૫ સભ્યોની પોલીસતંત્ર દ્વારા અટકાયત કરી દેવામાં આવી હતી.

પ્રાંતિજના દલપુર ખાતે પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દલપુર ચોકડી પાસે આવેલ જોગણીમાતાના મંદિરનો ચોથો પાટોત્સવ તથા ભગવાન આત્મલીગેશ્વર મહાદેવજીનો પ્રથમ પાટોત્સવ યોજાયો હતો.

અમદાવાદ હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજ તાલુકાના દલપુર પાસે આવેલ ભગવતી જોગણીમાતાજીનો ચોથો પાટોત્સવ તેમજ ભગવાન આત્મલીગેશ્વર મહાદેવજીનો પ્રથમ પાટોત્સવ તા. ૨૫-૯-૨૦૧૮ને મંગળવાર રોજ ભવ્યાતિભવ્યપણે ઉજવવાનુ આયોજન મંદિરના મહંત ચંન્દ્રગીરી મહારાજ તેમજ સરપંચ આશિષ ભાઈ કે. પટેલ અને ભકતો દ્વારા કરવામાં આવ્યું હતું. ભવ્ય હોમાત્મક યગ્નો, મહાપૂજા, મહાઅભિષેક, મહાઆરતી, મહાપ્રસાદ સુંદર આયોજનનો મહંત ચંન્દ્રગીરી તથા સરપંચ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાંતિજ સહિત તાલુકાઓમાં હજારોની સંખ્યામાં માઈ ભકતો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, સાંસદ દિપસિંહ રાઠોડ, અગ્રણીઓ આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. મહંતો સંન્યાસીઓના સન્માન પણ કરવામાં આવ્યા હતા.

ભિલોડા ખાતે આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લોકાર્પણ કાર્યક્રમ

ભિલોડા, તા. ૨૫

કોટેજ હોસ્પિટલ, કોન્ફરન્સ હોલ, ભિલોડાના આયુષમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લોકાર્પણ કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતાં. આયુષમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના માટે અરવલ્લી જિલ્લામાં ૭૭૪૨૭ પરીવારને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ આપવામાં આવશે. જેમાં વર્ષ ૨૦૧૧ના એસ.ઈ.સી.સી.ના લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ હતા.

મોડાસા માર્કેટયાર્ડ દબાણ નોટીસે મુદ્દે સજ્જડ બંધ રાખી વિરોધ પ્રદર્શન

મોડાસા ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ દ્વારા માર્કેટયાર્ડમાં ગેરકાયદેસર રીતે દબાણ કરનાર ૯૭ વેપારીઓને દબાણ હટાવવા ત્રીજી નોટિસ ફટકારી ૨૫ સપ્ટેમ્બર સુધી દબાણ હટાવવાની તાકીદ કરતા અને માર્કેટયાર્ડ દ્વારા ૨૬ તરીકે માર્કેટયાર્ડમાં કરાયેલ દબાણો હટાવવાની નક્કર કામગીરી કરવાની ચીમકી ઉચ્ચારાતા માર્કેટયાર્ડના વેપારીઓમાં હડકંપ મચી હતી. ૯૭ દબાણકારોના સમર્થનમાં સમગ્ર માર્કેટયાર્ડના વેપારીઓએ સ્વયંભૂ સજ્જડ બંધ પાડી વિરોધ નોંધાવ્યો હતો અને માર્કેટયાર્ડના વહીવટીતંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર પોકારી ગ્રાહકો અને ખેડૂતો અને વેપારીઓને દબાણો નડતરરૂપ ન હોવાનો દાવો કર્યો હતો. વેપારીઓની હડતાલથી અજાણ કેટલાક ખેડૂતો પાક લઈ વેચાણાર્થે માર્કેટયાર્ડ પહોંચતા ધરમનો ધક્કો પડ્યો હતો.

યુપીએસસી રેન્કર બનેલા હિરાઘસુના દિકરા ડૉ. ચિરાગ ભોરણીયાની ઈન્ફર્મેશન સર્વિસમાં નિમણૂંક

ગાંધીનગરની વેદ-વ્યાસ વિદ્યાપીઠ સાથે સંકળાયેલા ડૉ. ભોરણીયાએ એચઆઈવી પોઝીટીવ બાળકોની સેવા કરતા પરીક્ષાની તૈયારીઓ કરી હતી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરની વેદવ્યાસ વિદ્યાપીઠ નામની સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ આપતી સંસ્થા સાથે સંકળાયેલા ડૉ. ચિરાગ ભોરણીયાએ વર્ષ ૨૦૧૬માં યુપીએસસી પાસ કરી હતી. ડૉ. ભોરણીયાએ હવે તેમની તાલીમ પતાવી કેન્દ્ર સરકારની ઈન્ફર્મેશન સર્વિસમાં પોસ્ટીંગ મળતા પોતાનો પદભાર સંભાળવા જઈ રહ્યાં છે. હિરાઘસુ પિતાના દિકરા એવા ડૉ. ચિરાગ ભોરણીયાએ આકરી મહેનત અને સંઘર્ષના અંતે આ સફળતા પ્રાપ્ત કરી છે.

ચિરાગ ભોરણીયાની ડૉક્ટર બનવાની અને ડૉક્ટરમાંથી આઈએએસ અધિકારી બનવાની ગાથા અનેક યુવાનો માટે પ્રેરણારૂપ છે. ધોરણ-૯ પાસ થયેલ માતા મંજુલાબેન અને ધોરણ-૧૦ પાસ પિતા હરેશભાઈના સંતાન એવા ચિરાગ ભોરણીયાએ ડૉક્ટર બન્યાં પછી સમાજની ચિંતા કરતા યુપીએસસી પાસ કરવાનો નિશ્ચય કર્યો. તેમના માતા સિલાઈ કામ કરી મહિને માંડ પંદરસો-બે હજાર કમાય અને પિતા હિરા ઘસીને થોડુ ઘણુ કમાઈને ગુજરાન ચલાવતા પરિવારમાં તંગ આર્થિક પરિસ્થિતિ તો હતી પરંતુ મિત્રોનો સહારો પણ હતો તેથી નોકરી કરી ચિરાગ ભોરણીયાએ યુપીએસસીની તૈયારીઓ હાથ ધરી. દરરોજના ૧૫ થી ૧૭ કલાકના વાંચન માટે મિત્રોની ઓફિસને રાત્રે સાચવવાની જવાબદારી લઈ તેમાં વાંચવાનું શરૂ કર્યું હતું.

જો કે આ વ્યવસ્થા હંગામી હોવાથી નવો વિકલ્પ શોધી રહ્યાં હતા ત્યારે ગાંધીનગરના સે. ૧૯માં એચઆઈવી પોઝીટીવ બાળકોના સ્પેશ્યિલ હોમમાં નોકરી કરવા કોઈ તૈયાર ના હોવાથી તે તક ઝડપી લીધી અને બાળકો સાથે બાથરૂમ જેટલી નાની જગ્યામાં રહી તૈયારીઓ કરી હતી.

શરૂઆતની નિષ્ફળતા બાદ વર્ષ ૨૦૧૬માં તેમને સફળતા મળી અને હવે તાલીમ પતાવી ભારત સરકારમાં ઈન્ફર્મેશન સર્વિસ વિભાગમાં નિમણૂંક પામ્યાં છે. પોતાના સંઘર્ષ કાળ દરમ્યાન તેમણે ગાંધીનગરની વેદવ્યાસ વિદ્યાપીઠ સંસ્થામાં સેવાઓ આપીને અનેક યુવાનોને જીપીએસસી તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવામાં માર્ગદર્શક બન્યા છે. પોતાની સફળતાનો શ્રેય પરિવાર, મિત્રો અને વેદવ્યાસ સંસ્થાને આપનાર ડૉ. ચિરાગ ભોરણીયા જણાવે છે કે 'નબળો સંકલ્પ હંમેશા બહાના શોધે છે, કારણ કે ઉંઘ, થાક, ભય એ માનસિક ખ્યાલ છે પરંતુ તમારી કટિબદ્ધતા જ તમારી શક્તિ છે.''

વાસનાઓને જીતી અહિંસાને અપનાવે તે જૈન : આચાર્ય સુનીલ સાગરજી મહારાજ

ગાંધીનગર, તા. ૨૫

જૈન ધર્મના આદિ બ્રહ્મા એવા આદિનાથ ભગવાનથી શરૂ થઈ ગયેલ આ ધર્મ ચાલતો આવે છે. આદિસાગરના કાળથી વાચી થયેલ આદિવાસીઓની પ્રાકૃતભાષા સંસ્કૃતની ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વખાણી હતી. આ પ્રસંગે ડૉ. ઋત્વિજ પટેલે જૈમન જયંતિ શાસન બોલીને જૈન ધર્મનું મહત્વ બતાવ્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણી જૈન હોવાને નાતે ગુજરાતમાં જૈનમ જયતુ શાસન આવી રહ્યુ છે. જૈનેતર શ્રદ્ધાઓએ પણ એઠાસણ-ઉપવાસ કર્યા હતા. મહાવીર સ્વામીનો ધર્મ ફક્ત જૈનો માટે જ નથી પરંતુ જે વાસનાઓને જીતી અહિંસાને અપનાવે તે જૈન છે. જન્મથી નહીં

કર્મથી માણસ મહાન બને છે. ધર્મમાં શ્રદ્ધા રાખવા વાળા કોઈપણ હોય તે ભારતીય સંસ્કૃતિના રખવાળા છે. રાત્રિ ભોજનનો ત્યાગ આવે, ક્ષમાની જીવનમાં જરૂરીયાત છે ક્ષમા મોટી પૂજા, મોટુ દાન, મોટુ જ્ઞાન, મોટુ તપ, મૈત્રીભાવ છે. મિચ્છા મિ દુક્કડમ, મારી બધી ભુલો માફ કરી દો. સબસે ક્ષમા, સબકો ક્ષમા એમાં જીત છે. ક્ષમા વીરનું આભૂષણ છે. ક્ષમા માંગવી કઠિન છે. શેરડીમાં જ્યાં ગાંઠ હોય છે ત્યાં રસ નથી હોતો. જીવનમાં પણ એવું જ હોય છે. ક્રોધ જાય એટલે ક્ષમા ભાવ આવે. બધા મને માફ કરો, બધા જીવોને મારે મૈત્રી ભાવ છે. મને કોઈનાથી વેર નથી તેવો ભાવ કેળવવો જરૂરી છે.

બોઈઝ PG
પ્લોટ નં.૩૬૧/૧, ઘ-૫ પાસે, સેક્ટર-૨૨
મહેશભાઈ
84010 93015

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭